પત્રિકા
૨૦૧

# ચિરાગે હિદાયત

૧૦/૦૩/૧૯
૦૨ રજબ

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૩ રજબ/૧૧ માર્ચ : શહાદતે હઝરત ઈમામ અલીનકી(અ.સ.)

૦૭ રજબ/૧૫ માર્ચ : વિલાદતે હઝરત અબ્બાસ(અ.સ.)

## ઈમામ હસન અસ્કરી(અ.સ.)નો પત્ર

અઝીઝો એવા ઘણાં ખુશનસીબ લોકો હતા કે જેઓ પોતાના ઝમાનાના ઈમામ(અ.સ.)થી નસીહતો મેળવતા. તેમનાથી પોતાના મસઅલાના હલ મેળવતા, અને પત્રો દ્વારા ઈમામ(અ.સ.)થી રાબેતો રાખતા. એવા જ એક પત્રને અહીં બયાન કર્યો છે જે ૧૧ માં ઈમામે અલી બિન હુસૈન બિન બાબવય્હને લખ્યો કે જેમાં તમામ લોકો ખુશુસન શીઆઓ માટે નસીહતો છે.

*** ઈમામ હસન અસ્કરી(અ.સ.)નો પત્ર:**

ઈમામ(અ.સ.)એ પત્રની શરૂઆત અલ્લાહ તઆલાની હમ્દો સના અને નબીએ અકરમ(સ.અ.વ.) પર સલામથી સાથે કરી અને પછી ફરમાવ્યું :

અય મારા ફકીહ અને બાવશુક (ભરોસાપાત્ર) અલી બિન હસન બિન બાબવય્હ! અલ્લાહ તમને એવા આમાલની તૌફીક અતા કરે જે તેની ખુશ્નુદીનો સબબ બને. અલ્લાહ તઆલા તેની શાન અને રહેમત થકી તમારી સુલ્બ (નસ્લ)માં નેક ફરઝંદ અતા કરે.

હું તમને નમાઝ કાયમ કરવાની અને ઝકાત અદા કરવાની વસીય્યત કરૂં છું, કારણ કે ઝકાત અદા ન કરવાવાળાની નમાઝ કબૂલ નથી થતી.

તમે લોકોની ભૂલોને માફ કરો અને ગુસ્સા ઉપર કાબૂ રાખો અને ઈમાની ભાઈઓ સાથે હમદર્દી કરવાની કોશિશ કરો ચાહે તમે અમીર હો યા ગરીબ.

બુર્દબારી (સહનશીલતા) અને દીનમાં સમજબુજ પૈદા કરો અને તમારા કામોમાં સાબીત કદમ રહો અને કુરઆનથી વફાદારી કરવાની તમને નસીહત કરૂં છું અને તમને સારા અખ્લાક અને અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કરની નસીહત કરૂં છું જે બાબતે અલ્લાહ તઆલા ફરમાવે છે,

"એ લોકોની ઘણી ખરી વાતોમાં કોઈ ભલાઈ નથી હોતી સિવાય કે જે સદકો આપે, કારે ખૈર કરે યા લોકોની દરમ્યાન ઈસ્લાહનો હુકમ આપે."

હું તમને તમામ બેશરમી (બેહયાઈ)થી પરહેઝ કરવાની નસીહત કરૂં છું. નમાઝે શબને ન છોડો કેમકે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ને વસીય્યત કરતા ફરમાવ્યું :

"નમાઝે શબની પાબંદી કરો, નમાઝે શબની પાબંદી કરો, નમાઝે શબની પાબંદી કરો. જે શખ્સ

નમાઝે શબથી (બેએતનાઇ બરતેગા) દૂરી ઈખ્તેયાર કરશે તે અમારામાંથી નથી.''

અય અલી બિન હસન તમે મારી નસીહતો ઉપર ખુદ પોતે પણ અમલ કરો અને મારા શીઆઓને પણ હુકમ આપો કે તેઓ પણ મારી આ નસીહત ઉપર અમલ કરે. હું તમને સબ્ર, ઈસ્તેકામત અને ફરજ (ગૈબતની મુસીબત દૂર થવા)ના ઈન્તેઝારની વસીય્યત કરૂં છું કારણ કે પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યું, ''મારી ઉમ્મત માટે અફઝલતરીન અમલ ફરજ (ગૈબતની મુસીબત દૂર થવા)નો ઈન્તેઝાર કરવો છે.''

અને મારા ફરઝંદના ઝહુર સુધી અમારા શીઆઓ ગમ અને મુસીબતમાં મુબ્તેલા હશે અને મારો ફરઝંદ કે જેના માટે હઝરત રસૂલે અકરમ(સ.અ.વ.)એ બશારત આપી છે કે તે આ ઝમીન જે ઝુલ્મ જોરથી ભરેલી હશે તેને અદલ અને ઈન્સાફથી ભરી દેશે.

અય અલી બિન બાબવય્હ! હું તમને ફરીથી સબ્ર અને ઈસ્તેકામતની નસીહત કરૂં છું અને મારા શીઆઓને પણ હુકમ આપો કે તેઓ પણ સબ્ર અને ઈસ્તેકામતનો દામન ન છોડે.

બેશક આ ઝમીન અલ્લાહની છે અને તે જેને ચાહે તેને તેના વારીસ બનાવી દે છે અને સારો (નેક) અંજામ તો પરહેઝગારો માટે જ છે.

અને તમારા ઉપર અને અમારા તમામ શીઆઓ ઉપર સલામ અને અલ્લાહની રહેમત અને બરકત થાય અને હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અને તેમની પાક આલ ઉપર દુરૂદ અને સલામ થાય.

અઝીઝો! આ પત્ર અગિયારમાં ઈમામ(અ.સ.)એ જેમને લખ્યો હતો, તેઓ એક મશહુર આલીમે દીન હતા કે જેમને ત્યાં કોઈ અવલાદ ન હતી તેઓ પચાસ વર્ષના હતા ત્યારે ગયબતે સુગરાના દૌરમાં તેમણે એક પત્ર ઈમામે ઝમાના(અ.સ.)ને લખ્યો જેમાં તેમણે એક પુત્રની ખ્વાહીશ કરી, અને ત્રીજા નાયબ હુસૈન બિન રવહ થકી ઈમામ(અ.સ.) સુધી પહોંચાડયો આના જવાબમાં ઈમામે ઝમાના(અ.સ.)એ લખ્યું કે “અલ્લાહ તઆલા જલ્દી તમને એક બાબરકત ફરઝંદ અતા કરશે જેનાથી લોકોને ફાયદો પહોંચશે અને પછી તમોને બીજા બચ્ચાઓ પણ થશે.”

આ રીતે ઈમામ(અ.સ.)ની દુઆની અસરથી તેમને ત્યાં ફરઝંદની વિલાદત થઈ જે મહાન ફકીહ અને મહાન આલિમ શેખે સદુક(અ.ર.)ના નામે મશહુર છે.

*** શેખ સદુક(અ.ર.) :**

અલ્લામા મજલીસી, શેખ સદુક(અ.ર.) માટે ફરમાવે છે કે શેખે સદુકની પૈદાઈશ ઈમામે ઝમાના(અ.સ.)ના મોઅજીઝાઓમાંથી એક છે.

અબુ જાફર અલી અસ્વદ કહે છે કે શેખે સદુક(અ.ર.)ના ઈલ્મનો શોખ જોઈને નવાઈ નથી લાગતી કારણ કે તેઓ ઈમામે ઝમાના(અ.સ.)ની દુઆથી પૈદા થયા છે.

*** શેખે સદુક(અ.ર.)ની મશહુર કિતાબો :**

૧) કમાલુદ્દીન,

૨) આમાલીએ શેખ સદુક,

૩) અલ ખેસાલ,

૪) કિતાબુલ ઈરશાદ. વિગેરે

આવો! અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ કે અલ્લાહ તઆલા આપણને પણ એવા ખુશનસીબ બનાવે કે ઈમામે ઝમાના(અ.સ.)થી રાબેતો કાયમ કરીએ અને ઈમામ(અ.સ.)ની દુઆના હકદાર બનીએ અને ઈમામો(અ.મુ.સ.)ની નસીહતો પર અમલ કરવાની તૌફીક મેળવીએ.

**અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ.**

**ઈલાહી આમીન.**